:

# ટપક

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

**વર્ષ : ૧ અંક : ૮ સપ્ટેમ્બર, ૧૯૯૯**

**જળ અને સંસ્કૃતિ :–**પૃથ્વી અગનગોળો . વર્ષો વીત્યા. વાયુ બન્યા. જળનો જન્મ થયો. છેવટે જળમાં જીવનો જન્મ થયો. એકાંગી જીવથી ક્રમશઃ પંચેન્દ્રિય સુધી અને પૂર્ણ માનવ સુધીનો વ્યુતપતિ ક્રમ થયો. અવતારોની શ્રેણીમાં પણ પ્રથમ ત્રણ અવતારો જળચર જ હતા. મત્સ્ય, કુર્મ અને વરાહ. નરસિંહ પછીના અવતાર માનવ અવતાર થયા. આ માનવે રખડતું ભટકતું જીવન વીતાવી છેવટે સુલભ રીતે પ્રાપ્ત થાય ત્યાં પાણીની નજીક વસવાટ કર્યો. અહિયાં સંસ્કૃતિ નો પ્રાદુર્ભાવ થયો. સિંધુના કિનારે, ગંગાના કાંઠે તથા અન્ય નદીના કિનારા આદિ માનવના પારણા બન્યા. આ પારણિયે સંસ્કૃતિ જુલી.નદીના પ્રવાહે સુમધુર, ગીત–હાલરડા ગાયા.

**જળના સ્ત્રોત :–**જળના મુખ્યત્વે ત્રણ ગૌત્ર છે. આકાશ, પુથ્વી અને પાતાળ. ભૌતિક પ્રક્રિયાના અંતે ગરમીથી વાયુ સ્વરૂપ અને આખરે પાણી બનીને વરસવું જે વર્ષાનું નામ ધારણ કરે છે. આ ઉપરાંત પાણીનું વરાળસ્વરૂપ હવાની અંદર પણ રહેલું છે. બરફ ભરેલા કાચના પ્યાલા આસપાસ જળબિંદુ જામે છે.પૃથ્વી ઉપર ૭૫ ટકા પાણી– અઢળક– વિપુલ જથ્થો ધરાવે છે. મહાસમુદ્રો, સમુદ્રો, નદીઓ, ઝરણાં, હિમાગરીઓ, સરોવરો માનવે જરૂરિયાત પ્રમાણે પૃથ્વીના ઉપરના પડ માંથી પાણી પ્રાપ્ત કરવા કુવા, ડંકી,વાવ, કુઈ બનાવ્યા છે. આનાથી આગળ વધી હવે પાતાળ સુધી પહોંચી પાણી ખેંચી લાવવાના પ્રયાસો આદર્યા છે. ઉત્તરધ્રુવ, દક્ષિણધ્રુવ પાણીના કૂબેર છે. માનવ દરિયાના પાણીને હવે મીઠુ પાણી બનાવવા કમ્મર કસી રહ્યો છે.

**જળના ઉપયોગ :–**તમામ સજીવને માટે જળએ જીવન આધાર છે. સજીવના પોષણ અર્થે, ખેતી માટે, સફાઈ માટે તથા બાંધકામ માટે જળનો વિશેષ ઉપયોગ થાય છે. માનવ જીવનમાં જળ થાક મટાડનાર, ગ્લાનિદૂર કરનાર, બળ આપનાર, તૃષ્િ આપનાર, હૃદયને પ્રિય, તરસ, તંદ્રા, વમન, નિંદ્રા, અજીર્ણને અંકુશમાં રાખનાર છે. ઔદ્યોગિક વિકાસમાં પણ પાણી અનિવાર્ય જરૂરિયાત ગણાય છે."જળ પીતા આવડે તો અમૃત છે નહી તો ઝેર છે" આ વિધાનને સૌ કોઈ સમજે તો દૂરઉપયોગ, અતિ ઉપયોગ તથા ગેરઉપયોગ ઘટી શકે. આમ તો પરમાત્માએ એક સુંદર ચક્ર બનાવ્યું છે. જે જળચક્ર તરીકે જાણીતું છે. પાણી, સૂર્યપ્રકાશ, વરાળ, વાદળાં, ઠંડી, વર્ષા, આ ચક્રથી મોટો ફાયદો થાય છે કે,પાણીનુ શુધ્ધીકરણ કુદરતિ રીતે જ થયા કરે છે. ડીસ્ટીલ્ડ વોટર વરસાદરૂપે મળ્યા કરે છે.

**જળના સંગ્રહ માટે :–** પંચાયતના નળ મારફત સવારે ૧ કલાક પાણી આપણા આંગણાં સધી આવતું હોય તો ડાહ્યો પુરૂષ, પરિવાર ૨૪ કલાક ચાલે તેટલું પાણી ભરી લે છે. ટાંકીમાં વાપરવાં,પીવા માટે ગોળા ગોળી, તથા ન્હવાધોવા ડોલ, તગારા આ બાબત વિરાટ સ્વરૂપે સમજીએ તો કુદરતના નળ અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો માસના સમયમાં આવે છે. તો બાકીના ૮ માસ ચાલે તેટલું પાણી સંગ્રહી લેવું જોઈએ. ડેમ (મોટી ટાંકી), ચેકડેમ (ડોલ), સરોવર, તળાવ (તગારા), બેંકમાં પૈસા જમા કરાવ્યા હશે તો જ કટોકટીના કાળમાં ઉપાડી શકાશે. તેમ પૃથ્વીના પેટાળમાં જો પાણી ઉતાર્યુ હશે તો સમયે આપણને સગવડ આપશે. ખેત તલાવડી, પાળા બનાવી રોકવું, પ્રત્યેક ઘરમાં 'ઘરકુઈ' નો વિચાર લાવવા જેવો છે. વોટરશેડ યોજના કાર્યાન્વીત છે. હવે જો વપરાયેલા પાણી જે પ્રદૂષિત પાણી તરીકે ગણાય તેનું પણ ચક્ર બનાવાય તો સુખદઘડી નિર્માણ પામે.

**જળ બંધારણ :–**ભારતીય દર્શનશાસ્ત્રીઓએ પાણીને તત્વ તરીકે વર્ણવેલું છે. પરંતુ રાસાયણિક વિજ્ઞાને તેસંયોજન તરીકે સાબિત કર્યુ છે. પાણીનું વિદ્યુતવિભાજન સ્પષ્ટ કરે છે કે તે હાઈડ્રોજન અને ઓકિસજન નું બનેલું છે. કદના સ્વરૂપે ૨ ભાગ હાઈડ્રોજન ૧ ભાગ ઓકિસજન છે. જયારે ભારના સ્વરૂપે ૧૬ ભાર હાઈડ્રોજન, ૧ ભાર ઓકિસજન ગણાય છે. આ નરી વાસ્તવિકતા હોવા છતાં આવતી ઘડીએ દુષ્કાળ સમયે કોઈ વિજ્ઞાનીએ ૧ ડોલ પાણી બનાવીને તૃષા છીપાવી નથી આ પ્રમાણે ઔદ્યોગિક ઉત્પાદન થઈ શકયું નથી ત્રણ સ્વરૂપ છે. વાયુ– વરાળ, પ્રવાહી– પાણી, ઘન – બરફ સ્વરૂપ પાણીને રંગ, ગંધ(વાસ), સ્વાદ નથી. શુધ્ધ પાણી પારદર્શક છે. શ્રેષ્ઠ દ્રાવક છે. દરિયાના પાણીમાંથી સોડીયમ, પોટેશીયમ બ્રોમીન,કલોરીન, આયોડીન મેળવી શકાય છે.

**જળમાં જીવન:–**જીવ માટે જળ જરૂરી છે તે બાબત નિર્વિવાદ પણે સ્વીકાર્યાબાદ જળના જીવન જળચર સૃષ્ટિ વિસ્મય ઉભા કરે તેવી છે. અતિસુક્ષ્મ જીવ પાણીમાં છે તેમ વિરાટકાય 'બ્લુ વ્હેલ' પણ જળનુંજ ફળ છે. વ્હેલ માછલી નથી પણ સમાન પ્રાણી છે. માછલી, લોબસ્ટર, કરચલા,મગર,કાચબા,જળસાપ,જેવા પ્રાણીઓ સમુદ્રજળની સમૃધિ છે. પૃથ્વી ઉપર જેટલા સજીવો છે તેના કરતા અનેક ગણા જીવ જળમાં ગુજરે છે. દેવીએ સમુદ્રમંથન કરી ૧૪ રત્નો મેળવેલા તેવી પૌરાણીક કથા છે. માનવે હજુ તો માછલી, પટ્રોલીયમ અને જૂજ જાજ મોતી જ હાથ કર્યા છે. ઉપરથી ખારો દેખાતો સાગર પેટમાં ઘણું ભરીને બેઠો છે. કદાચ કોઈ કુબેરભંડાર પણ તેની સામે વામણો પુરવાર થશે.

નવલભાઈ જોષી –ખાંભા

**પાણીનો બગાડ અટકાવો, આફત અવસરમાં પલટાવો**

**કાળજે વાગ્યા ઘા ........**

એક દિવસ બીજા ધોરણના એક વર્ગ શિક્ષક શાળામાં પોતાના વર્ગમાં ગૃહકાર્ય તપાસી રહ્યા હતા સાથો સાથ મોડા આવનાર બાળકોને પણ ઉભા કરી પુછતાછ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી રહ્યા હતા. તેવામાં એક છોકરી રડતી રડતી વર્ગમાં પ્રવેશે છે. પહેલા તો શિક્ષક કશું જ સાંભળ્યા વગર તેને ખુબ જ ખિજાય છે. પરંતુ એ છોકરી દોડીને શિક્ષકને ભેટીને વધારે રડવા લાગે છે. અને આખરે શિક્ષક બહેન તેના મોડા આવવાના કારણો જાણે છે. ત્યારે એ છોકરી જણાવે છે કે તેના પિતા દારૂના વ્યસની છે. અને દારૂ પીવા તેની માતા પાસેથી પૈસા ઝુટવે છે. અને પૈસા ન આપે તો ખુબ માર મારે છે. આજે પણ ઘરમાં એ જ પ્રસંગ બનેલ પરિણામે એ છોકરી પોતાની માતાને બચાવવા પોતાના પિતાને કરગરી રહી હતી અને આ જ કારણથી એ છોકરી મોડી હતી. આટલું સમજયા પછી એ વર્ગ શિક્ષક બહેને એ ઘરે વાલી સંપર્ક કર્યો અને અવાર નવાર ત્યાં જઈને એ ભાઈને ખુબ સમજાવ્યા લગભગ છ માસના અંતે એ ભાઈએ દારૂ નહિ પીવાના સોગંધ લીધા અને ખુશાલી વ્યાપી એ ઘરની અંદર એ નાનું કુટુંબ મહેનત મજુરી કરી સુંદર જીવન જીવી રહ્યું છે.અને એટલે જ તો કહેવાયુ છે કે "દારૂડીયો દારૂને નહિ પણ દારૂ દારૂડિયાને પી જાય છે."

પ્રકાશ ભટ્ટી

**સ્વરાજ – ગુજરાત**

૬ ઓગષ્ટના રોજ હિરોશીમાં અને ૯ ઓગષ્ટના રોજ નાગાસાકી પર અણુબોંબ ઝીકાયેલા. ઈતિહાસના એ સૌથી કલંકિત દિવસો ગણાય છે. જેમાં માનવે હાંસલ કરેલ સંહારશકિતનો પરિચય થયેલો. આજે તો એનાથી હજારોગણી સંહારશકિત માનવજાત પાસે છે. આપણે મૃત્યુની શકિતના પુજારી થવું છે કે જીવનની શકિતના અગ્રદૂત થવું છે તે નક્કી કરવું પડશે. સરકારો પોતાના સ્વાર્થ માટે યુધ્ધ છેડે છે. યુધ્ધમાં મરાતો પ્રત્યેક સૈનિક કોઈકનો બેટો, કોઈકનો પતિ હોય છે. 'સંયુકત રાષ્ટ્ર સંઘ' વિશ્વશાંતિ સ્થાપવામાં નિષ્ફળ ગયું છે તેથી હવે આપણે સામાન્ય માણસોએ ભેગા થઈને 'સંયુકત રાષ્ટ્ર સંઘ' રચવાનો છે જેમાં વિશ્વ સંસ્કૃતિઓનો સમન્વય થાય.

રાજુ દિપ્તી

**શ્રધ્ધાંજલી**

સ્વૈચ્છિ કાર્યમાં છેલ્લા વીસ વર્ષથી કાર્યરત શ્રીકાંતિભાઈ મહેતા એ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. લીલીયા – સાવર કુંડલાથી પ્રવૃતિમાં ઓતપ્રોત અને છેલ્લે રાજુલા – જાફરાબાદમાં યુથ હોસ્ટેલ તથા સીટી યુથ કાઉન્સીલમાં કાર્યરત હતા. પર્યાવરણઅને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ દ્વારા રચાયેલ પરિવારથી દરિયાકાંઠા ના ઔદ્યોગિક પ્રદુષણ અને તેની અસરો માટે લોક જાગૃતિ લાવવામાં તેઓની મહત્વની ભૂમિકા રહી હતી. શ્રી કાંતિભાઈની અચાનક વિદાયથી પોતાના પરિવાર તથા સ્વૈચ્છિ કાર્ય સાથે જોડાયેલા મિત્રોને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

ઈએસસી પરિવાર

**યુથ હોસ્ટેલ્સ રાજુલા**

કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિકાસ અને શહેરના યુવા કલાકારોની કલાને ઓળખવા સ્વાતંત્રય દિને રાજુલા ખાતે "યુથ હોસ્ટેલ્સ સારેગામા" સંગીતમય પ્રોગ્રામ / સ્પર્ધાનું આયોજન રાજુલા ના નાયબ કલેકટરશ્રી બી.જે.આકરૂવાલાના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવ્યુ. સ્પર્ધામાં વિજેતા શ્રી ઈબ્રાહિમ કરીમભાઈ, શ્રી જીજ્ઞેશ સામૈયા, શ્રી ચેતનભાઈ ત્રિવેદીને પ્રોત્સાહન ગીફટ આપવામાં આવેલ દરમ્યાન હિમાલયન ટ્રેકીંગમાં ભાગ લઈ આવેલ યુનિટના સભ્યોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

**અભિયાન જન્કેટ**

સાહસિક પ્રવૃતિઓ માટે કાર્યરત સંસ્થા અભિયાન જન્કેટ દ્વારા આગામી ઓકટોબર નવેમ્બર દરમ્યાન આંદામાન, હિમાલયન, માઉન્ટ આબુ, કોડાઈ કેનાલ વિ.કેમ્પના આયોજન થયેલ છે. વધુ વિગતો શ્રી મનોજભાઈ બધેકા તથા શ્રી ચિંતકભાઈ પટેલ ૨, સ્વપ્નીલ ફલેટસ, શારદા સોસાયટી સામે, ન્યુ શારદા મંદિર રોડ, પાલડી, આદાવાદ (ફોન નં – ૬૬૪૦૬૩૬) પાસેથી મળ ી શકશે.

**પ્રવેશોત્સવ**

બાળક પાંચ વર્ષનું થાય અને તેને શાળામાં દાખલ કરવા માટે વાલી

શાળાએ જાય અને તેનો ઉત્સવ મનાવવામાં આવે, શાળાએ દાખલ થતા નવા બાળકોને દાતા વાલીઓ દ્વારા દફતર, નોટ બુક, પુસ્તકો, પેન વિ. ભેટ આપવામાં આવે તે પ્રકારે અમરેલી જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યા. પ્રાથમિક શિક્ષણ ફરજીયાત હોવા છતાં ઘણા વાલીઓ પોતાના બાળકોને શાળા એ મોકલતા ન હતા તેવા વાલીઓમાં જાગૃતિ આવી છે. અને પોતાના બાળકને હોંશે હોંશે શાળાએ મોકલતા થયા છે.

**પ્રકૃતિ શિક્ષણ**

ગીર ફાઉન્ડેશન ગાંધીનગર આયોજીત પ્રકૃતિ શિક્ષણ અભિયારણ હિંગોળગઢ ખાતે તા.૩– ૪/ ૮/ ૯૯ ના પ્રકૃતિ શિક્ષણ કાર્યશાળા યોજાયેલ જેમાં સ્કુલ, કોલેજ, સ્વૈચ્છિક સંસ્થા તેમજ વ્યકિતગત પ્રકૃતિપ્રેમીઓએ ઉપસ્થિત રહી પ્રકૃતિની વિશેષ જાણકારી મેળવી. સંસ્થાવતી શ્રી ચંદુભાઈ રૈયાણીએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

**સંગત નેટવર્ક**

તા. ૭ થી ૮ ઓગષ્ટના રોજ ICPRD તથા SEDC દ્વારા ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓના એક સંગઠન માટે મિલન યોજાયું જેમાં ૪૪ સંસ્થાઓએ ભેગા મળી 'સંગત' નેટવર્કની રચના કરી . તેના ધારા ધોરણો, વહીવટી માળખું તથા કાર્ય આયોજન સંબંધી કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨૨/ ૮/ ૯૯ ના રોજ યોજાઈ જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.સંગત સાથે જોડાવા માંગતી સંસ્થાઓએ સૌરાષ્ટ્ર ઈકોનોમિક ડેવલપમેંટ સેંટર જુનાગઢનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

**ઉઠો ઉઠો જાગો ભાઈ, પાણી બચાવવા લાગોભાઈ**

**મહિલા સંમેલન**

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે મહિલા કાર્યકર્તા જેતુન બહેન દ્વારા ઓગષ્ટ ૩ ના રોજ મહિલા સંમેલન યોજાયેલ જેમાં શ્રી ધીરૂભાઈ વાગડીયા, જયંતિભાઈ તળાવીયા, સુરેશભાઈ ગોહિલ,દયાબહેન ચૌહાણની ઉપસ્થિતિમાં ૧૦૦ જેટલી બહેનો અને તેટલા જ ભાઈઓ સાથે જેન્ડરના અભિગમ સાથે વિકાસ કઈ રીતે કરવો તે બાબતે પોતાના વિચારો રજુ કર્યા હતા.તેમજ બહેનોએપોતાને મુંઝવતા પ્રશ્નો રજુ કરી માર્ગદર્શન મેળવેલ છે.

**આનંદી**

પુરક રોજગારી માટે 'આનંદી' દ્વારા તા. ૧૬/૧૭ ઓગષ્ટના રોજ કાર્યશાળા યોજાયેલ જેમા સંસ્થાના કાર્યકરએ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજુ કરેલપરંતુ આજે બહેનોને આવકના પૂરક વિકલ્પ મેળવવા ખૂબજ મુશ્કેલ છે.

આનંદી દ્વારા ગ્રામિણ બહેનોના મેળાવડાનું આયોજન કરવા માટે પ્રોગ્રામ કમીટીની મીટીગ તા. ૧૮સપ્ટેમ્બરે મળી રહી છે.મેળાવડો તા. ૨૦થી ૨૩ નવેમ્બર રાખેલ છે.ઉપરાંત ૭ થી ૧૧ સપ્ટેમ્બરના ભાવનગર 'આનંદી'દ્વારા જેન્ડર તાલીમ કાર્યક્રમ યોજેલ છે.

**સી. ટી. બી. ટી.**

તા. ૧૭ થી ૨૩ ઓગષ્ટ ના રોજ વડોદરા ખાતે 'ઉન્નતિ' અમદાવાદ દ્વારા તાલીમકારની ક્ષમતા વધારવા માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્યત્વે સહભાગીતા પર ભાર મુકવામાં આવ્યો છે. તાલીમ લોકોની જરૂરિયાતને આધારે ગોઠવવી, તાલીમમાં તાલીમકાર અને તાલીમાર્થીના જ્ઞાનની આપ – લે થાય,એક બીજા વચ્ચે વિશ્વાસ પેદા થાય, દરેક તાલીમાર્થીને વિચારો વ્યકત કરવાની તક મળે, તાલીમ લીધા પછી તેનો પોતાના કાર્યક્ષેત્રમાં ઉપયોગ કરે છે કે નહિ તે માટે સતત ફોલો – અપ કરતા રહેવું વિ. બાબતો ને સમાવી લેવામાં આવી હતી.

**મહિલા ખેડુત તાલીમ**

અમરેલી ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે તા. ૧૩/ ૮/ ૯૯ના રોજ આ કેન્દ્રની સલાહકાર સમિતિની બેઠક યોજાઈ જેમાં પ્રોજેકટ લીડર સુરેખા મહેતા તથા શ્રી ગોવીદિયાએ ભાગ લઈ પ્રોજેકટ વિસ્તારના બહેનોને તાલીમ જોડવાનું આયોજન કર્યુ હતુ.

**સંસ્થાકીય કાર્યક્રમો**

**ઘનિષ્ઠ પાઠયક્રમ**

ખાંભા વિસ્તારમા કાર્ય કરતા કરતા સામે આવતા પ્રશ્નો માટેના ઉકેલ શોધવાનો સંસ્થાનો સતત પ્રયાસ રહે છે, તેના ભાગરુપ ખાંભા મુકામે પ્રાથમિક શિક્ષણથી વંચિત ૧૫થી ૩૫ વર્ષની બહેનો માટે બે વર્ષનો ઘનિષ્ઠ પાઠયક્રમ કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડના સહયોગથી શરુ કરેલ છે. આ વર્ગમા ૩૦–૩૫ બહેનોને શિક્ષણ સાથે કુશળતા વધરવા માટે સીવણ એમ્બ્રોયડરી વિ.શીખવવામાં આવશે.

**ઉપભોકતા જૂથ**

જળસ્ત્રાવ વિકાસના કાર્ય સાથે સંકળાયેલા ભાડ ગામના સંગઠન ના એક ઘટક ઉપભોકતા જુથની બેઠક તા. ૧૧/ ૮/ ૯૯ના રોજ યોજાઈ જુથ દ્વારા થયેલ જળ સંગ્રહ કાર્યથી થયેલ લાભોની ચર્ચા કરવામાં આવી જેમાં આયોજનના ૫૦ ટકા જેટલા કામથી ખેતીની આવકમાં થયેલ વધારાને ધ્યાનમાં લઈ દરેક સભ્યોએ ટીપે ટીપુ પાણી જમીનમાં ઉતારવા સંકલ્પ કર્યો અને તે માટે શોષ ખાડા, ખેત તલાવડી, નાલાપ્લગ વિ.ના આયોજન વિચારી કામની સોંપણી કરવામાં આવી.

**સ્વાતંત્ર્ય પર્વ**

જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળ પચપચીયા દ્વારા પ્રા. શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી ગામ લોકોની સાંસ્કૃતિક તથા રમત ગમત સ્પર્ધાઓ યોજાઈ વિજેતા બાળકોને પીઆઈએના કાર્યકર્તાઓ ગામ ગામલોકો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આજના શુભદિને ભાઈઓએ મળીને સ્વનિર્ભર જૂથની રચના કરી જેમાં તેઓ પ્રતિમાસ રૂા. ૫૦ ની બચત સાથે દર મહિને મળ શે. જૂથ દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરશે તેઓ સંકલ્પ સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયાની હાજરીમાં કર્યો હતો.

છેલ્લા એક વર્ષથી કાર્યરત મહિલા જુથના આગેવાન શ્રી મંજુલાબહેન રાખોલીયા એ પોતાના મંડળની વિગતો આપતા જણાવ્યુ કે મંડળ પાસે રૂા. ૭૦૦૦/– ની બચત સામે રૂા. ૪૦૦૦/– નું ધિરાણ કરેલ છે. જેની વસુલાત નિયમિત થાય છે. જુથની બહેનોએ લાઈટ અને પાણીના પ્રશ્નોની રજૂ આત કરી છે. પાણીના નિકાલ માટે શોષખાડા બનાવ્યા છે. પરંતુ અમૂક લોકો ચોમાસાનું પાણી ખાડામાં જશે તો ખાડો ભરાઈ જશેતેવા ડરથી શોષખાડામાં પાણી જવા દેતા નથી અને તેનાંથી ગંદકી થાય છે. તેથી આવા કુટુંબોને વરસાદનું પાણી તથા વપરાશનું પાણી શોષખાડામાં જ જવા દેવા સમજાવશે તેવું ન બહેનોએ જણાવ્યુ હતું. જુથની બહેનો સાથે સહકારી મંડળીના પ્રમુખ શ્રીમતિ કંચનબહેન તથા દયાબહેનએ વાર્તાલાપ યોજયો હતો. મંડળના પ્રમુખશ્રીહમીરભાઈ તથા મંત્રીશ્રી મગનભાઈ અને સ્વયંસેવક ભાઈ શ્રી હર્ષદરાય(અવૈધિક શિક્ષણ), ડાયાભાઈ તથા ગામના આગેવાનો વિકાસના દરેક કાર્યમાં રસ પૂર્વક ભાગ લઈ રહ્યા છે.

**સંતોષી મહિલા જૂથ**

ખાંભા તાલુકાના છેવાડાના પછાત ગામ આંબલીયાળાના સ્વનિર્ભર જૂથના સક્રિય સભ્ય શ્રીમતી સમજુબહેન ગોહિલએ જણાવ્યુ છે કે હું જુથમાં જોડાઈ એટલે બચત કરતી થઈ છું અને સાથે મને પડતી મુશ્કેલીઓ ની હું જૂથમાં રજૂઆત કરૂ છું હું જૂથમાં જોડાઈ તેથી મને કચ્છના પ્રવાસે (માંગેલ સાડલે) જવાનો મોંકો મળ્યો. નહિતર ગામ બહાર કયારેય નીકળી ન હતી. અમારૂ જૂથ કામ કરતું થયું તે જોઈને બીજી ૧૫ બહેનો આવું જૂથ બનાવવા તૈયાર થઈ છે.પ્રોજેકટના પ્રમુખ મંત્રી તથા સ્વયંસેવક ભાઈ બહેનોનો સહકાર સારો છે.

**ચડેજો પાનો તો કોઈ નથી નાનો, ન બચાવે પાણી તો ઈન્સાન શાનો**

**રૂગનાથ પુર**

સંસ્થાના આ પ્રોજેકટ ના ગામમાં સંસ્થાની કાર્યકર્તા બહેનોએ અવાર નવાર ગામની બહેનો સાથે સંગઠન રચવા બાબતે મીટીંગો કરી પરંતુ આ ગામમાં બહેનોનું સંગઠન રચી શકાતું નહોતું સંસ્થા દ્વારા ચાલતા યુવતી વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટર તથા સંસ્થાના અન્ય કાર્યકર્તા બહેનોને સાથે રાખી સંસ્થા ના પ્રમુખશ્રીએ તા. ૨૪/ ૮/ ૯૯ એ આ ગામના ભરવાડ વાસ તથા વાઘરી વાસના કુટુંબોની ઘેર ઘેર મુલાકાત લઈ બાળકોના શિક્ષણ તથા બહેનોની સ્થિતિ બાબતે ચર્ચા કરી જેમાથી શાળાએ ન જતા બાળકો માટે રાત્રી વર્ગ ચલાવવા શ્રી બચુભાઈએ તૈયારી દર્શાવી તેમજ બહેનોએ ખૂબજ ઉત્સાહથી સંગઠનની રચના કરી. જાનકુબહેન સોલંકીએ જણાવ્યું કે વાંચતા શીખીએ એવું કામ અમારા મંડળમાં અમારે કરવું છે.

**સ્વનિર્ભર જુથ**

તા. ૨/ ૮/ ૯૯ ના રોજ ખાંભા વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યાલય પર સ્વસહાય જુથના આગેવાન બહેનો માટે તાલીમ કાર્યક્રમ યોજાયેલ સંસ્થાના કાર્યકરોએ જુથમાં આવતા પ્રશ્નો, તેમજ આગેવાન બહેનોને કાર્ય માં ઉપસ્થિત મુંઝવણો તથા તેમની ફરજો પર ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.આ તાલીમમાં 'આનંદી' માથી સુમિત્રાબહેન ઉપસ્થિત રહયા હતા.

તા. ૫/ ૮/ ૯૯ ના રોજ આંબલીયાળા મુકામે સ્વસહાય જુથ મિટીંગ યોજાયેલ દયાબહેન ચૌહાણ અને પૂર્વી બહેન ત્રિવેદી ઉપસ્થિત રહી બેંકમાં ખાતુ ખોલાવવા કરવાની કાર્યવાહીની વિગતો આપી હતી. તેમજ આરોગ્ય પર માર્ગદર્શન આપેલ છે.

૬/ ૮/ ૯૯ના રોજ સાળવા સ્વસહાય જુથમા પોતાની જાતે નિર્ણય લેવા અને વધુ સભ્યો જોડવા અંગે મીટીગમાં ચર્ચા યોજવામાં આવી.

૧૦/ ૮/ ૯૯એ કોટડા જુથ મીટીગ યોજાયેલ જેમાં બહેનો એ પોતાના જુથને આદર્શ બનાવવા માટે ચર્ચાકરીહતી.ધિરાણ આપવા માટે નિયમો ઘડવામા આવ્યા.

૧૧/ ૮/ ૯૯ના રોજ ભાડ મુકામે ચાલતા ગૌરવ મહિલા મંડળ અને શ્રી રામ મહિલા મંડળની મીટીગ યોજવામાં આવેલ બંને જુથમાં હિસાબી કામગીરી માટે માહિતી આપેલ છે.

**પ્રતિભાવ**

માહિતીસભર 'ટપક' નિયમીત મળે છે. સમાજ અને સમૂહજીવનનાં વિવિધ પાસાઓની સચોટ રજૂઆત કરવા બદલ અભિનંદન

મનોજ બધેકા (અભિયાન જન્કેટ)

તાલીમ વિકાસની અને શોધની એવી પ્રક્રિયા છે જે શીખવાની સમાન પરિસ્થિતિમાં તાલીમ લેનાર અને તાલીમ આપનાર બંનેને સક્રિય બનાવે છે. ઉન્નતિ

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere (ESC) and Printed at Shakti Offset - Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia,

Book -Post,Printed Matter
PL No.L2/6/Amr-91/99 - 16-2-99

પ્રતિશ્રી, ______________

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**એક જ સાદ, એક જ નાદ પાણી બચાવો, એક જ વાત**